ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



**વારી સાઇટ પર રોયલ્ટી પાસ વગર અથવા એક જ પાસ પર 10-12 ટ્રીપ મારીને માટી નાખવામાં આવતા**

# ખાણ ખનિજની તપાસથી ફફડાટ

**રોલા** ગામે આવેલી 'વારી' કંપનીની સાઇટ પર માટીનું વહન થતું હોવાની વ્યાપક ફરિયાદ

**ખનિજ** વિભાગે માટી ભરેલા 88 વાહનોની તપાસ હાથ ધરતા માટી ચોરોમાં ફફડાટ



વલસાડ : વલસાડ જિલ્લાના રોલા ગામે આવેલી 'વારી' કંપનીની સાઇટ પર બિનઅધિકૃત રીતે માટીનું વહન થતું હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી હતી. જેને લઇ અનેક ચર્ચા ચાલી હતી. જોકે, આ વાતો વચ્ચે ખાણ ખનિજ વિભાગ દ્વારા વારી કંપની બહાર તપાસનો દોર શરૂ કરાયો હતો. જેમાં તેમણે માટી ભરેલા 88 જેટલા ભારે વાહનોની તપાસ હાથ ધરી હતી. જેને લઇ માટી ચોરોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો.

વલસાડ જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી મન ચૌધરીને ટેલિફોનિક ફરિયાદ મળી હતી કે, વારી સાઇટ પર રોયલ્ટી પાસ વગર અથવા એક જ પાસ પર 10-12 ટ્રીપ મારીને માટી નાખવામાં આવી રહી છે. આ ફરિયાદના આધારે તેમની ટીમે રોલા વિસ્તારમાં રોડ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વારી કંપનીમાં જતા અને તેની આસપાસના કુલ 88 ખનિજ ભરેલા વાહનોને ચેક કરવામાં આવ્યા હતાં.

આ વાહનોના ચેકિંગમાં ડિજિટલ વેરિફિકેશન કરતાં રોયલ્ટી પાસ ધરાવતા વાહનોની એન્ટ્રી 'જીઓમાઇન' મોબાઈલ એપ્લિકેશન દ્વારા તપાસવામાં આવી હતી. જેમાં તપાસ ટીમ દ્વારા વારી કંપનીની સાઈટ પર રૂબરૂ જઈને સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં કુલ 88 વાહનોમાંથી 20 વાહનો સાદી માટીનું વહન કરતા માલુમ પડ્યા હતા. જેમની પાસે માન્ય રોયલ્ટી પાસ જોવા મળ્યા હતા. તેમજ તેમને રોયલ્ટી પાસ કે ડીસી પાસ વગરનું કોઈ પણ બિનઅધિકૃત વહન જોવા મળ્યું નથી.

ખાણ ખનિજ વિભાગ દ્વારા કંપની પાસે પણ તેમના રેકોર્ડની તપાસ માંગવામાં આવી હતી. જેમાં કંપની દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા મુજબ ચાલુ માસ દરમિયાન કુલ 3892.98 મેટ્રિક ટન સાદી માટીના જથ્થાનું પુરાણ કરવામાં આવેલ હોવાનું બહાર આવ્યું હતુ.

### ખાણ ખનિજ વિભાગ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન 427 કેસો કરાયા

વલસાડ જિલ્લામાં ખનિજ ચોરી રોકવા માટે તંત્ર સજ્જ છે. એપ્રિલ-2025 થી જાન્યુઆરી-2026 સુધીમાં વિભાગ દ્વારા કુલ 427 કેસો કરી રૂપિયા 460.47 લાખની વસૂલાત કરવામાં આવી છે. આ દંડની રકમ ગત નાણાકીય વર્ષની સરખામણીએ 2.5 ગણી વધારે છે. ખાણ ખનિજ વિભાગે જણાવ્યું છે કે આગામી સમયમાં પણ આ વિસ્તારમાં અવારનવાર ચેકિંગ હાથ ધરી તકેદારી રાખવામાં આવશે.

## દાંતી દરિયા કિનારે કોંક્રિટ મશીન પલટી જતા ડ્રાઈવરનું મોત

વાપી/વલસાડ : મોટી દાંતી દરિયા કિનારે હેજેક્ષ કોંક્રિટ મશીન પલટી જતા ડ્રાઈવર યુવકનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ ડુંગરી પોલીસ મથકે કરવામાં આવી હતી. ડુંગરી પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ દાહોદ જિલ્લો અને હાલ દહાણું-મહારાષ્ટ્રમાં રિકંલ સુરેશભાઈ કટારા (ઉ.20) રહે છે. તેનો મોટો ભાઈ અશ્વિન (ઉ.22) બે દિવસ પહેલા જ વલસાડના કકવાડી દાંતીમાં ડ્રાઈવિંગ માટે આવ્યો હતો. ગત તા.18-2-26 ના રોજ શેઠનો ફોન આવતા જાણવા મળ્યું કે, અક્ષરધામ ફળિયા, મોટી દાંતી દરિયા કિનારા પાસે હેજેક્ષ ફ્યુરી કોંક્રીટ મશીન રીવર્સ કરતા પલટી ગયું હતું અને અશ્વિનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ રિંકલ કટારાએ ડુંગરી પોલીસ મથકમાં કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વેલસ્પન કંપનીની બસમાં દારૂની હેરાફેરી, ચાલક સહિત બે વિરુદ્ધ ગુનો




વલસાડ : વલસાડ સીબી હાઈસ્કૂલની સામે, મુખ્ય માર્ગ પરથી વેલસ્પન કંપનીની પેસેન્જર બસમાં છૂપાવીને લઈ જવાતો રૂપિયા 11 હજારની કિંમતના દારૂ સાથે ચાલક ઝડપાઈ ગયો હતો. દારૂ મંગાવનારને વોન્ટેડ બતાવી વધુ તપાસ વલસાડ સીટી પોલીસ કરી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડ સીટી પોલીસને બાતમી મળી હતી કે, વેલસ્પન કંપનીની પેસેન્જર બસ (નંબર: GJ-05-Z-0082) માં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વલસાડ સીબી હાઈસ્કૂલની સામે બસને રોકી તપાસ કરતા બસની સીટ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી રૂપિયા 11,784ની કિંમતના દારૂ સાથે ચાલક ઝડપાઈ ગયો હતો.

### પાંચ વર્ષીય અદ્વૈત પટેલે વંકાલ ગામનું નામ રોશન કર્યુ


ધર્મેશ પટેલ

ઘેજ : વંકાલના પાંચ વર્ષીય અદ્વૈત પટેલે છ વર્ષની વય જૂથમાં ઇનલાઇન (રોડ રેસ અને રિંક રેસ) સ્કેટિંગમાં ઓલ ગુજરાત રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬ મા ત્રણ સિલ્વર મેડલ મેળવી શાળા તેમજ ગામનું નામ રોશન કર્યું હતું. શ્રીજી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ વલોટીમાં અભ્યાસ કરતા ૬ વર્ષીય અદ્વૈત પટેલે વય જૂથમાં ઇનલાઇન સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અદ્વૈતે રસાકસી વચ્ચે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ત્રણ સિલ્વર મેડલ મેળવ્યા હતા. નાની ઉંમરે મેળવેલી આ સિદ્ધિ પાછળ મહેનત અને કોચ બાદલ ટંડેલનું સચોટ માર્ગદર્શન સાથે જ તેના માતા-પિતા દ્વારા મળેલા પ્રોત્સાહને તેને આ પ્લેટફોર્મ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અદ્વૈતની આ સફળતાથી વંકાલ ગામ સહિત સમગ્ર પંથકનું નામ રોશન થયું છે. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શાળા સંચાલક મંડળ અને શિક્ષકો વંકાલ ગામના ગ્રામજનો અને સ્થાનિક રમતપ્રેમીઓ દ્વારા અદ્વૈતને શુભેચ્છાઓ પાઠવી હતી. આ નાનકડો ખેલાડી ભવિષ્યમાં નેશનલ લેવલે પણ ગુજરાતનું નામ ચમકાવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ગણદેવીની અમૃતમ હોસ્પિટલ માટે રોટરી ફાઉન્ડેશનની ૧.૨૧ કરોડની ગ્રાન્ટ મંજુર


કેરસી બારીયા

બીલીમોરા : વૈશ્વિક સેવાકીય સંસ્થા રોટરી ઇન્ટરનેશનલ સાથે સંકળાયેલી રોટરી કલબ ગણદેવીનાં પ્રયત્નોથી ગણદેવીની અમૃતમ હોસ્પિટલને રૂપિયા ૧.૨૧ કરોડ (૧,૩૩,૦૦૦ યુએસ ડોલર)ની ગ્લોબલ ગ્રાન્ટ મંજુર થઈ છે. જેને પગલે રોટરી ગણદેવી અને હોસ્પિટલ પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. રોટરી કલબ ઓફ ગણદેવી દ્વારા અમૃતમ હોસ્પિટલને દત્તક લઈ કાયમી સેવાકીય પ્રોજેક્ટ તરીકે વિકસાવવામાં આવી રહી છે. તાલુકા વાસીઓને રાહતદરે અને ગુણવત્તાયુક્ત આરોગ્યસેવા મળે તે માટે સતત પ્રયત્નો હાથ ધરાયા છે. આ ગ્લોબલ ગ્રાન્ટ તે પ્રયત્નોની મહત્વપૂર્ણ કડી સાબિત થશે. ગ્રાન્ટચેર પરીમલ નાયકે તમામ ગ્રાન્ટ પાર્ટનર્સ, રોટરી ફાઉન્ડેશન અને રોટરી ડિસ્ટ્રીક્ટ (૩૦૬૦) નો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ રોટરી ગણદેવીના ગ્રાન્ટ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર સ્વર્ગસ્થ ડો. હસું નાયકને આ ગ્રાન્ટ અર્પણ કરી તેમની સેવાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રોટરી જેવી વૈશ્વિક સેવાકીય સંસ્થા દ્વારા સ્થાનિક સ્તરે આરોગ્યસેવા મજબૂત બનતી હોવાને કારણે ગણદેવી તાલુકા માટે આ ગ્રાન્ટ એક ઐતિહાસિક સિદ્ધિ સમાન ગણાઈ રહી છે.

### બિમલભાઈ ચૌહાણ 'સમાજરત્ન પુરસ્કાર'થી નવાજાયા



વાપી : શ્રી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય પરિવાર (SMAP) અમેરિકા દ્વારા સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર બિમલભાઈ નરોત્તમભાઈ ચૌહાણને પ્રતિષ્ઠિત 'આંતરરાષ્ટ્રીય સમાજરત્ન પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા આપવામાં આવેલા આ સન્માનપત્રમાં બિમલભાઈની નિખાલસતા, મહેનત અને સેવાની ભાવનાની પ્રશંસા કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ફાઉન્ડર વિજય પાટીલ (લોસ એન્જલસ), ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટર સુનિલ પાટીલ અને દક્ષિણ ચીફ કો-ઓર્ડિનેટર વિશાલ પાટીલ તેમજ વંદનાબેન સાલુંખે દ્વારા તેમના સામાજિક કાર્યોની સરાહના કરવામાં આવી હતી. અમેરિકા સ્થિત સંસ્થા દ્વારા મળેલી આ આંતરરાષ્ટ્રીય ઓળખથી સમગ્ર પંથકમાં અને ચૌહાણ પરિવારમાં હર્ષની લાગણી ફેલાઇ છે. બિમલભાઈએ આ સફળતાનો શ્રેય તેમના સાથીદારો અને વડીલોના આશીર્વાદને આપ્યો હતો.

**જાહેર નોટીસ**

જત હમારા અસીલ (૧) શાંતાબેન તે છીબાભાઈ આહીરની દીકરી તે નારણભાઈ આહીરની પત્ની, રહે. થાલા ગર્વમેન્ટ ગેસ્ટા હાઉસ, તા. ચીખલી, જી. નવસારી, (૨) સવિતાબેન તે છીબાભાઈ આહીરની દીકરી તે ઠાકોરભાઈ આહીરની પત્ની, રહે. કલકવા, હાઈસ્કુલ ફળીયા, તા. વ્યારા, જી. તાપી, (૩) ગીતાબેન તે છીબાભાઈ આહીરની દીકરી તે બાબુભાઈ આહીરની પત્ની, રહે. ઉંડાચ, લુહાર ફળીયા, તા. ગણદેવી, જી. નવસારી, (૪) મનિષાબેન તે છીબાભાઈ આહીરની દીકરી તે મનોજભાઈ આહીરની પત્ની, રહે. ગડત, આહીરવાસ, તા. ગણદેવી, જી. નવસારી ના વતી અને તર્ફે મળેલ સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે,

હમારા અસીલ ઉપર જણાવેલ સરનામે રહેતા આવેલ છે. હમારા અસીલોનાં ભાઈ મહેશભાઈ છીબાભાઈ આહીર, રહે. થાલા, આહીરવાસ, તા. ચીખલી, જી. નવસારી નાને હમારા અસીલોની સહમાલિકીની ખેડખાતાની મોજે: થાલા ગામે આવેલ ખાતા નં. ૧૩૪, ૧૩૫, ૧૩૮ તથા ૮૪૭ વાળી ખેતીની જમીન ચાલી આવેલ છે તે મિલકતો સબંધી તમોને તા. ૨૩/૧૦/૨૦૧૮ ના રોજ એક જનરલ પાવર ઓફ એટર્ની આપેલ અને તમોએ કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધ મનસ્વી રીતે હમારા અસીલોના હકકને નુકશાન થાય તેવા લખાણો લખેલ હતા. જેથી હમારા અસીલે ઉપરોક્ત જનરલ પાવર ઓફ એટર્ની આ નોટીસ આપી આજરોજથી રદ કરેલ છે. જે હકીકતે સદરહું જનરલ પાવર ઓફ એટર્ની હોલ્ડર સાથે કોઈપણ પ્રકારના કૃત્ય, વ્યવહારો કે લખાણો કરવા-કરાવવા નહીં તેમ છતાં હમારા અસીલોની ઉપરોક્ત જણાવેલ તમામ મિલકતો અંગે કોઈપણ પ્રકારના વ્યવહારો કે કાર્યવાહીઓ કરવા-કરાવવામાં આવશે તો તેવા વ્યવહારો પ્રથમથી જ રદ અને નિરર્થક ગણાશે તેનાથી હમારા અસીલોની મિલકત પ્રત્યેના હકક, હિત વિગેરે તબદીલ થશે નહીં. સદરહું કુલમુખત્યાર સાથે કોઈપણ વ્યવહાર કરવા-કરાવવામાં આવશે તો એવા તમામ વ્યવહારોની જવાબદારી જે તે ઈસમની રહેશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

તા. ૧૮-૦૨-૨૦૨૬ **પંકજ પી. અગ્રવાલ** (એડવોકેટ)
૪૦૧, મહારાજા અગ્રસેન એપાર્ટમેન્ટ, શાંતાદેવી રોડ, નવસારી, તા. જી. નવસારી. મો. નં.: ૯૦૯૯૭ ૭૩૫૨૫

# વલસાડમાં જ્વેલર્સને વિશ્વાસ કરવો રૂપિયા 2 લાખમાં પડ્યો

**રસીદ** નીચે ગાડીમાં રહી ગઈ છે, લઈને આવું છું કહીને બેંકમાંથી બહાર નીકળી ગયો

વાપી/વલસાડ : વલસાડમાં એક ચાલાક ગઠિયાએ જ્વેલર્સ માલિકને વિશ્વાસમાં લઈ બેંક લોન પેટે રાખેલી સોનાની બંગડીઓ છોડાવવાના બહાને રૂપિયા 2 લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે વલસાડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

વલસાડના ધોબીવાડ વિસ્તારમાં રહેતા 73 વર્ષીય દીપકભાઈ ચંદુલાલ પારેખ, જેઓ જ્વેલર્સનો વ્યવસાય કરે છે, તેમની પાસે ગત 12 ફેબ્રુઆરીના રોજ હુસેન પારડીવાલા નામનો એક શખ્સ આવ્યો હતો. તેણે જણાવ્યું કે તેની માતાની 26 ગ્રામ સોનાની બંગડીઓ બેંકમાં ગીરવે છે, જેનું વ્યાજ ચઢતું જાય છે. જો દીપકભાઈ રૂપિયા 2,00,100 આપે તો તે બંગડીઓ છોડાવી તેમને જ વેચી દેશે.

શરૂઆતમાં દીપકભાઈએ ના પાડી હતી, પરંતુ બીજા દિવસે હુસેને ફરીથી આવીને વિશ્વાસ જીતવા માટે રેલવે સ્ટેશન પાસેની એક દુકાને મુલાકાત કરાવી હતી, જ્યાં હાજર વ્યક્તિએ હુસેનના પિતાને ઓળખતા હોવાનું જણાવ્યું હતું. આથી દીપકભાઈ તેના પર વિશ્વાસ કરી બેંકમાં નાણાં જમા કરાવવા તૈયાર થયા હતા.

હુસેન જ્વેલર્સ માલિકને વલસાડની એક બેંકમાં લઈ ગયો હતો. ત્યાં ગોલ્ડ લોન ડિપાર્ટમેન્ટ પાસે ગયા બાદ, બેંક કર્મચારીએ રસીદ માંગતા હુસેને બહાનું કાઢ્યું કે રસીદ નીચે ગાડીમાં રહી ગઈ છે, લઈને હમણાં જ આવું છું. આ કહીને તે બેંકમાંથી બહાર નીકળી ગયો હતો. લાંબો સમય વીતવા છતાં તે પરત ન આવતા અને તેનો મોબાઈલ ફોન બંધ આવતા દીપકભાઈને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો.

હાલમાં દીપકભાઈ પારેખની ફરિયાદના આધારે વલસાડ ટાઉન પોલીસે હુસેન પારડીવાલા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચૂંટણીને પગલે વેરામાં કોઈ જ વધારો કરાયો નહીં!

**ઉમરગામ** નગરપાલિકાનું રૂપિયા 28.04 કરોડનુ પુંરાતવાળુ બજેટ મંજૂર



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નગરપાલિકાનું રૂપિયા 28.04 કરોડનુ પુંરાતવાળુ બજેટ સર્વાનુંમતે મંજૂર કરવામાં આવ્યું હતું. શાસક પક્ષ ભાજપ દ્વારા ચૂંટણીને ધ્યાનમાં રાખી બજેટમાં પાણી લાઈટ સફાઈ ઘરવેરામાં કોઈ જ વધારો ઝીંકવામાં આવ્યો ન હોય શહેરીજનોને રાહત થવા પામી છે.

ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ મનીષ રાયની અધ્યક્ષતામાં ઉપપ્રમુખ જયશ્રીબેન માછી, કારોબારી અધ્યક્ષ અંકુશભાઈ કામળી, ટાઉન પ્લાનિંગ ચેરમેન ગૌરવભાઈ માછી તથા સભ્યોની ઉપસ્થિતિમાં મળેલી ખાસ સામાન્ય સભામાં આગામી વર્ષ 2026-27 નુ અંદાજપત્ર બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટમાં તારીખ 1/4/2026 ની ઉઘડતી સિલક રૂપિયા 2,49,67400 સન 2026-27 વર્ષની અંદાજિત આવક રૂપિયા 25,54,90,000 કુલ બજેટ રૂ 28,0457400 સામે વિવિધ ખર્ચ તથા વિકાસના કામો સીસી રોડ રસ્તા પેવર બ્લોક,. લાઈટ પાણી ગટર કોમ્યુનિટી હોલ સ્પોર્ટ કોમ્પ્લેક્સ સહિત વિકાસના કામો પાછળ અંદાજે ખર્ચ રૂપિયા 25,12,45000 કરવામાં આવશે તારીખ 31/3/2027 ની બંધ સિલક રૂપિયા 2,92,12400 અંદાજવામાં આવી છે. સભા શાંતિપૂર્ણ મહોલમાં સંપન્ન થવા પામી હતી અને સભાનું સંચાલન ચીફ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું. સત્તા પક્ષ ભાજપના નગરપાલિકાના હોદ્દેદારોએ બજેટને આવકાર્યુ હતુ.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી ડીસીઓ સ્કૂલમાં ત્રિદિવસીય ગાંધી મેળાનું ઉદ્ઘાટન


અમૃત પટેલ

પારડી : પારડીમાં ત્રણ દિવસીય ચાલનાર ગાંધી મેળાનું ડીસીઓ હાઈસ્કૂલના સંકુલમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગાંધીમેળાને ખાદીની ચીજ વસ્તુઓના વેચાણ માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ મેળાનું આયોજન વલસાડ ગાંધી વિચાર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ મેળામાં સમગ્ર વલસાડ જિલ્લાના વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રજાજનો માટે પણ ઉપયોગી એવા અનેક કાર્યક્રમો અને પ્રદર્શનોનું આયોજન કરાયું છે. ગાંધી વિચારધારાના સંદેશો આપતી રેલીમાં પારડી હોસ્પિટલના ડો. એમ. એમ. કુરેશી, દિનેશ સાકરીયા, ટ્રસ્ટી દિનેશ શાહ, પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંત દેસાઇ, ડો. લતેશ પટેલ સહિત નગરજનો સાથે મેળાના આયોજક નટુભાઈ, બી. એન. જોશી વગેરે રેલીમાં જોડાયા હતાં. રવિવારના રોજ માજી આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ મહાત્મા ગાંધીના જીવનદર્શન અને ગાંધી વિચારોનું વક્તવ્ય આપશે. આ મેળામાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા ગૃહ ઉદ્યોગ, ખાદી, વણાટ કામ તથા નૈસર્ગિક ઉત્પાદનોના સ્ટોલ સામાન્ય જન માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. વલસાડ જિલ્લાની વિવિધ આશ્રમ શાળાઓમાંથી 5,000થી વધુ વિદ્યાર્થીઓ માટે ગાંધી દર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. કુરેશી, હેમંત દેસાઇ, બી.એન. જોશી, નટુભાઇ દેસાઇ, યજ્ઞેશ દેસાઈએ પ્રજાજનોને 20 થી 22 ફેબ્રુઆરી દરમિયાન સવારે 10 થી રાત્રે 9 વાગ્યા સુધી ગાંધી મેળામાં ભાગ લેવા જણાવાયું છે.

### વાંસદાની આશા વિરેન્દ્ર મજમુદાર શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી



નિલેશ કાપડીયા

વાંસદા : શ્રી વાંસદા તાલુકા કેળવણી મંડળ દ્વારા સંચાલિત આશા વિરેન્દ્ર મજમુદાર ઇંગ્લિશ એકેડમી શાળામાં વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન હિતેન્દ્રકુમાર કનુભાઈ પટેલ (ડી.વાય.એસ.પી, વલસાડ) તથા અતિથિ વિશેષ ભગુભાઈ ડી. માહલા (નિવૃત એન્જિનિયર, ગાંધીનગર) પ્રો. કોમલ ચિરાગભાઈ પાંચાલ (બી.ઈ. સિવિલ, સરકારી પોલિટેકનિક વઘઇ), નલિના પી. પરમાર, કેપ્ટન જી. પરમાર, મિતેશ નટુભાઈ વોરા (બી. ફાર્મ, રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ, બેંગ્લોર) સુમિત મહેન્દ્રભાઈ ગાંધી, અબ્બાસ કોન્ટ્રાક્ટર, નટુભાઈ પાંચાલ (વાંસદા તાલુકા કેળવણી મંડળ, પ્રમુખ), રાજેશભાઈ ગાંધી (ઉપ પ્રમુખ), તેમજ ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય મહેશ બઢે, પ્રતાપ હાઈસ્કુલના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના આચાર્ય, વાલીગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક મહોત્સવનુ નામ રેમ્બો ઓફ ઇન્ડિયન કલ્ચર રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના નામ મુજબ જ દરેક વર્ગની કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ દેશભક્તિ, કરુણતા, ધાર્મિકતા, સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી.

# ધરમપુર પાલિકાની સામાન્ય સભામાં 73.06 કરોડનું બજેટ મંજુર

**પાલિકાના** 2026-27ના વર્ષના બજેટમાં રૂપિયા 7.98 કરોડની પુરાંત રાખવામાં આવી

ધરમપુર : ધરમપુર નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ મયંક મોદીના અધ્યક્ષસ્થાને લાયબ્રેરીના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકની શરૂઆત ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધને વંચાણમાં લઇ કરવામાં આવી હતી.

પાલિકાની સામાન્ય સભામાં વર્ષ 2026-27 માટેનું વાર્ષિક બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. રૂપિયા 73,06,55,044 ના પાલિકાના બજેટમાં રૂપિયા 65,07,58,048 નો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. જેના કારણે રૂપિયા 7,98,96,996 ની પુરાંત બજેટમાં દર્શાવવામાં આવી છે. બેઠક દરમિયાન જુની લાયબ્રેરી તથા જુના ડેપો પાસેના બિલ્ડિંગના રીનોવેશન, કોઠી ફળિયા અને ખોરી ફળિયા માલનપાડા વિસ્તારમાં બોક્સ કલ્વર્ટ બનાવવાના કામ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત આવાસ યોજનાની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મોડલ ફાયર સ્ટેશન, પમ્પિંગ સ્ટેશન અને આંગણવાડીના બાંધકામ માટે જમીન માંગણી અર્થે સરકારમાં દરખાસ્ત કરવા તેમજ વિવિધ આંગણવાડીઓના રીનોવેશન માટે સંકલિત બાળ વિકાસ અધિકારી, વલસાડને દરખાસ્ત કરવા મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત મેરેજ હોલનું ભાડુ નક્કી કરવા અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ સ્થાપિત કરવા અંગે નિર્ણય લેવાયો હતો. વિપક્ષ સભ્યોએ વિવિધ વિસ્તારોમાં રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સુવિધા અંગે રજૂઆતો કરી હતી. સામાન્ય સભામાં ચીફ ઓફિસર વિજયભાઈ ઇટાલીયા, ઉપપ્રમુખ ઉમાબેન ભોયા, કારોબારી અધ્યક્ષ મહેશભાઈ ગાયકવાડ સહિત પાલિકાના સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## રેલવે ટ્રેક પર પથ્થર ઘસાતા રેલવેની તપાસ

વાપી : વાપી અને ઉમરગામ રોડ સ્ટેશન વચ્ચે ટ્રેક પર પથ્થર ઘસાવાના નિશાન મળ્યા હતા. જો કે કોઈ ટ્રેનના સંચાલન પર અસર પડી નહોતી. 18મી તારીખે રાત્રે કિમી નંબર 163/23 થી 163/25 વચ્ચે, બ્રિજ નંબર 275ના ઉત્તર છેડે ટ્રેક પર અંદાજે 30 થી 40 મીટર લાંબા ઘસાવાના નિશાન મળી આવ્યા હતાં. ટ્રેકમેન દ્વારા તપાસ દરમિયાન આ નિશાન નજરે પડતા તાત્કાલિક રેલવે કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી. ત્યારબાદ એન્જિનિયરિંગ વિભાગ અને આરપીએફની ટીમ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ સામગ્રી મળી આવી નહોતી.

# તડીપાર બે પૈકી એક ભાઈ વાપીમાં મળતા અટક

**વાપી** ઉદ્યોગનગરમાં માથાભારે બંને ભાઈઓ ચાર જિલ્લાઓમાંથી તડીપાર હતા

વાપી : વાપીમાં વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં માથાભારે બે ભાઈઓને 4 જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યા હતાં. પંકજ પ્રભુનાથ દુબે અને પવન ઉર્ફે છોટુ પ્રભુનાથ દુબે બંને, રહે. ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુંજન-વાપી) મારામારી, દારૂ તેમજ અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. તેના કારણે નાગરિકોમાં ભયનું વાતાવરણ સર્જાતું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ વાપી ઉદ્યોગનગર પોલીસે તેમની વિરુદ્ધ તડીપારની દરખાસ્ત તૈયાર કરી કોર્ટમાં રજૂ કરી હતી અને કોર્ટ દ્વારા તડીપારનો હુકમ મળતા પોલીસ દ્વારા બંને આરોપીઓને વલસાડ, સુરત, નવસારી અને ડાંગ એમ ચાર જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યા હતાં.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, ચાર જિલ્લામાંથી તડીપાર કરાયેલા બંને ભાઈઓ પૈકી પંકજ પ્રભુનાથ દુબે હાલમાં વાપી જીઆઈડીસી જૂની હાઉસીંગ બિલ્ડીંગ સામે માર્ગ ઉપર ઉભેલો છે. જેથી પોલીસ ટીમે તેને કોર્ડન કરી પૂછતાછ કરતા જણાવ્યું કે, હાલ તે સંઘપ્રદેશ દાનહના દાદરા નગરમાં ઓળખીતાને ત્યાં રહે છે અને તે વાપી આવ્યો હતો. તડીપાર હુકમનો ભંગ કરવા બદલ પોલીસે તેની અટક કરી કાયદાકીય પગલા ભર્યા હતાં.

# દુધની જંક્શનથી કૌંચા બ્રિજ સુધીનો માર્ગ બંધ

વાપી : દાદરા અને નગર હવેલીના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દિનેશ કુમાર મુહાલે આદેશ કર્યો છે. જેમાં પીડબ્લ્યૂડી દ્વારા દુધની જંક્શનથી કૌંચા બ્રિજ સુધીના માર્ગ પર 'બિટ્યુમિનસ કોંક્રીટ' (બીસી) લેયર પાથરવાનું કામ શરૂ કરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન આ માર્ગ પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાતા આ નિર્ણય લેવાયો છે.

મેજિસ્ટ્રેટે આગામી તારીખ 21/2/2026 થી 23/2/2026 સુધી આ માર્ગ પર વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

# રોલા ઓવરબ્રિજ પર બસની અડફેટે બાઈકચાલકનું મોત

વાપી/વલસાડ : રોલા ઓવરબ્રિજ ઉપર ખોટી દિશાથી દોડી રહેલી એસટી બસની અડફેટે બાઈકચાલક યુવકનું મોત નિપજ્યું હતું. ગણદેવી તાલુકાના બીગરી તટી ફળિયામાં ચિરાગ પટેલનો મોટો ભાઈ હેમીંગ પટેલ રોજ કંપનીમાં નાઈટમાં નોકરી ઉપર ગયો હતો. બીજા દિવસે સવારે પરત ફરી રહ્યો હતો તે સમયે રોલા ઓવરબ્રિજ રોલાથી બીલીમોરા તરફ જતા માર્ગ પરથી એસટી બસની અડફેટે બાઈક આવી જતા અકસ્માતમાં હેમીંગને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ 108 એમ્બ્યુલન્સને કરતા આવી તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત કરનાર બસચાલક પ્રવિણ લોઢાવી વાહન છોડી ભાગી છૂટતા ફરિયાદ ચિરાગે ડુંગરી પોલીસ મથકમાં કરી હતી.